# TENDER FORM

## For

## <u>Old and Dilapidated Building Demolition work</u>

**<u>Last date of tender submission through Post (Speed Post/RPAD) is 21 March 2025</u>**

**-: NOTE: -**

***Payment of Rs. 500/- by DD drawn in the favor of "A. A. U. Fund A/C" payable at Anand should accompany with this form separately otherwise the form shall be treated as incomplete and cancelled.***


**Seed Spices Research Station**
**Anand Agricultural University**
**Sanand-382110**

**PHONE NO.: 9824692251**
**E-mail: arssanand@aau.in**


***Website: www.aau.in***

# બીજ મસાલા સંશોધન કેન્દ્ર
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# સાણંદ-૩૮૨૧૧૦



| | |
|---|---|
| ડૉ.ડી.આર.પાટીદાર<br>યુનિટ વડા | ટેલીફોન નંબર: ૦૭૯૨૬૦૦૪૫૩<br>ઇ-મેલ: arssanand@aau.in |



| ટેન્ડર નંબર:- | | ઈસ્યુ કરનારની સહી:- | | ઈસ્યુ તારીખ:- | |
|---|---|---|---|---|---|

## નિવિદા. ૦૧ સને ૨૦૨૪-૨૫ નું ટેન્ડર ફોર્મ

| | | | |
|---|---|---|---|
| ૧ | ભાવ ભરનાર/આપનાર પાર્ટીનું નામ | | |
| | સંપૂર્ણ સરનામું | | |
| | ટેલિફોન/મોબાઈલ નંબર | | |
| | ઈ-મેઈલ એડ્રેસ | | |
| ૨ | ટેન્ડર ફી ની વિગત | આંકડામાં રૂપિયા | રૂ|.૫૦૦/- |
| | | શબ્દોમાં રૂપિયા | અંકે રૂપિયા પાંચસો પૂરા |
| | | ડી.ડી./લાલ રસીદ નંબર | |
| | | તારીખ: | |
| ૩ | બાનાની રકમની વિગત (ઈ.એમ.ડી.) | રૂપિયા | રૂ|.૫૦૦૦/- (રૂપયા પાચ હજાર પૂરા) |
| | | ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર | |
| | | તારીખ | |
| | | બેન્કનું નામ | |
| ૪ | ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ | | ૧૫/૦૩/૨૦૨૫ |
| ૫ | ટેન્ડર ફોર્મ રજી.પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ થી કચેરીમાં પરત મોકલવાની છેલ્લી તારીખ | | ૨૧/૦૩/૨૦૨૫ |
| ૬ | રજીસ્ટ્રેશન નંબર | | |
| ૭ | પાન નંબર | | |
| ૮ | અન્ય વિગત | | |

અમો ટેન્ડરમાં (પેજ નં.૧ થી ૪) આપેલી શરતો અને નિયમો મુજબ કામગીરી કરવા માટેની બાંહેધરી આપીએ છીએ.

તારીખ: ટેન્ડર ભરનારની સહી

સ્થળ:

<table>
<tr><td colspan="3">બીજ મસાલા સંશોધન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, સાણંદ કેન્દ્ર ખાતેના જૂના અને જર્જરીત બિલ્ડિંગો/મકાનો તોડવા માટેના ભાવ નીચે દર્શાવ્યા મુજબ આપવાના રહેશે.</td></tr>
<tr><td>અ.નં.</td><td>જૂના અને જર્જરીત બિલ્ડિંગો/ મકાનોની વિગત</td><td>બિલ્ડિંગો/મકાનો તોડવાના ભાવ (રૂ|.)</td></tr>
<tr><td>૧</td><td>જે ૧/એ અને જે ૨/એ</td><td></td></tr>
</table>

ટેન્ડર ભરનારની સહી

## *** ટેન્ડરની બોલીઓ અને શરતો ***

૧. બિલ્ડીંગની ડિમોલેશન ટેન્ડર ફોર્મ અત્રેની કચેરી બીજ મસાલા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સાણંદ ખાતે કચેરીના ચાલુ સમયગાળા દરમ્યાન **ટેન્ડર ફી રૂપિયા- ૫૦૦/-** રોકડ કચેરીમાં ભરીને એની લાલ રસીદ મેળવી ટેન્ડર ફોર્મ સાથે તેની નકલ સામેલ કરવાની રહેશે અથવા યુનિવર્સિટીની વેબસાઈટ *www.aau.in* ઉપરથી **તા.૧૫/૦૩/૨૦૨૫** સુધીમાં ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે. અને ડાઉનલોડ કરેલ ટેન્ડર ફોર્મ માટે ટેન્ડર ફી ની રકમનો ડી.ડી. ભરેલ ટેન્ડર સાથે મોકલવાનો રહેશે. તેમજ **સદર ટેન્ડર ફોર્મ ફી ની રકમ પરત મળવાપાત્ર રહેશે નહીં.**

૨. બિલ્ડીંગ ડિમોલેશન ટેન્ડરનું સીલબંધ કવર સ્પીડ પોસ્ટ/આર.પી.એડી. દ્વારા જ મોકલવાનું રહેશે. રૂબરૂ કે કુરીયર દ્વારા ટપાલ સ્વીકારવામાં આવશે નહીં.

૩. બિલ્ડીંગ ડિમોલેશન ટેન્ડર ફોર્મનું સીલબંધ કવર અત્રેની કચેરીને **તા.૨૧/૦૩/૨૦૨૫** સુધીમાં સાંજના **૧૬:૦૦** કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

૪. સીલબંધ કવર ઉપર **"જુની અને જર્જરીત બિલ્ડીંગ તોડવાના ભાવપત્રક"** એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

૫. બિલ્ડીંગ ડિમોલેશન ટેન્ડર ફોર્મ સાથે ઈ.એમ.ડી.ની રકમ, રૂપિયા ૫૦૦૦/- (પાચ હજાર પુરા) રોકડમાં અત્રેની કચેરી ખાતે રૂબરૂમાં ભરીને અથવા **"AAU FUND ACCOUNT" Payable at Anand** ના નામનો ક્રોસ્ડ ડીડી સામેલ રાખવાનો રહેશે. તેમજ ટેન્ડર મંજૂર થયેથી કુલ રકમના ૫% લેખે સિક્યોરીટી ડિપોઝીટ અલગથી કચેરીમાં જમા કરાવવાની રહેશે. અને સદર ડિપોઝિટ, બિલ્ડીંગ ડિમોલેશન કામગીરી પૂર્ણ કર્યેથી યુનિવર્સિટીના નીતિ નિયમો મુજબ પરત કરવામાં આવશે

૬. ટેન્ડરમાં દર્શાવેલ જૂની અને જર્જરીત બિલ્ડીંગ જાહેર રજા દિવસો સિવાય અત્રેની કચેરી બીજ મસાલા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સાણંદ ખાતે તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૧૫/૦૩/૨૦૨૫ દરમ્યાન સવારના ૯:૦૦ થી બપોરના ૧૨:૦૦ કલાક તથા બપોરના ૧:૦૦ થી સાંજના ૪:૦૦ કલાક દરમ્યાન રૂબરૂમાં આવીને જોઈ શકાશે.

૭. ભાવપત્રક મંજૂર કરવું/રદ કરવું તેની સત્તા યુનિવર્સિટી તરફથી નિમણૂક કરેલ કમિટી સભ્યોને અબાધિત રહેશે.

૮. ઇજારદારે બિલ્ડીંગ ડિમોલેશન કામગીરી ચાલુ કરતાં પહેલા વીજળી/પાણી કનેક્શન બંધ કરાવવામાં આવેલ/થયેલ છે કે નહીં તેની ચકાસણી કર્યા બાદ ચાલુ કરવાની રહેશે. તેમજ ડિમોલેશન બિલ્ડિંગમાં અત્રેની કચેરીની કોઈ ભંગાર અથવા વસ્તુઓ મુકવામાં આવેલ હશે તે અત્રેની કચેરી દ્વારા કામગીરી ચાલુ કરતાં પહેલા ઉપાડી લેવામાં આવેશે જેથી બિલ્ડીંગમાં પડેલી અન્ય કોઈપણ વસ્તુઓનો બિલ્ડીંગ સાથેનો સામાન તરીકે ગણતરી કરવાની રહેશે નહીં તેમજ આ બાબતે પાછળથી કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેમાં યુનિટ વડાશ્રી, બીજ મસાલા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સાણંદનો નિર્ણય છેવટનો ગણાશે જે તામામ ઈજારદારને બંધનકર્તા રહેશે.

૯. **બિલ્ડીંગ ડિમોલેશન અંગેનો ઓર્ડર મળ્યેથી** ટેન્ડરમાં મંજૂર થયા મુજબની રકમ તથા કુલ રકમના ૫% લેખે સિક્યોરીટી ડિપોઝિટ અત્રેની કચેરી ખાતે **દિન-૨** માં ભરપાઈ કરી જૂની અને જર્જરીત બિલ્ડીંગનો હવાલો સંભાળી લેવાનો રહેશે અને આપેલ સમયગાળા દરમ્યાન નાણાં કચેરીમાં ભરપાઈ કરવામાં નહીં આવે અથવા પાર્ટી દ્વારા કાઈપણ અન્ય કારણો સર ઓર્ડર રદ્દ કરાવવામાં આવશે તો તેવા સંજોગોમાં જેતે પાર્ટીની ટેન્ડર ફોર્મ સાથે ભરેલ ડિપોઝિટની રકમ જપ્ત કરવામાં આવેશે તેમજ તેઓ ફરીથી યુનિવર્સિટીની ખરીદ/વેચાણ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

૧૦. જુની અને જર્જરીત બિલ્ડીંગ ડિમોલેશનનો હવાલો ઈજારદાર તરફથી સંભાળી લીધા બાદ ઓર્ડરમાં દર્શાવેલ બીલ્ડીંગ ડિમોલેશન કામગીરી અત્રેના જે તે કર્મચારીની દેખરેખ હેઠળ કરવાની રહેશે. અને તેનો કાટમાળ ૨૦ દિવસમાં કામ પૂર્ણ કરીને પોતાના સ્વખર્ચે અને જોખમે લઈ જવાનો રહેશે. હવાલો સભાળી લીધા બાદ સદર બિલ્ડિંગની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

૧૧. બિલ્ડીંગ ડિમોલેશન કામગીરી ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે કરાવવાની રહેશે તેમજ સદર કામગીરી કોઈ અનિચ્છનિય બનાવ/ઘટના કે અકસ્માત થાય અને તેને લીધે શ્રમયોગી/ઈજારદાર કે અન્ય યુનિવર્સિટી માલ મિલકતને નુકશાન જે જાનહાનિ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ઈજારદારની રહેશે. જે માટે વીમા/લેબર કાયદાની શરતો અંગેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

૧૨. બિલ્ડીંગ ડિમોલેશન ટેન્ડર ફોર્મ ખોલવા માટે યુનિવર્સિટી તરફથી નિમણૂક કરેલ કમિટી સભ્યો દ્વારા તા.૨૪/૦૩/૨૦૨૫ ને સોમવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ભાવપત્રકો ખોલી ઉપરોક્ત બિલ્ડીંગ ડિમોલેશન કામગીરી માટેનો ઈજારો આપવા અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે આ માટે સઘળા હક્કો કમિટીને આબાધિત રહેશે. તેમજ આવેલ ટેન્ડર (ભાવપત્રક) સ્વીકારવા કે કોઈપણ કારણો દર્શાવ્યા વિના અસ્વીકાર કે ટેન્ડર પ્રક્રિયા રદ કરવાનો યુનિવર્સિટીને અબાધિત હક્ક રહેશે.

૧૩. બિલ્ડીંગ ડિમોલેશન ભંગાર/કાટમાળ અત્રેના કેમ્પસથી બહાર લઈ જવા અંગેનો જરૂરી પરવાનો જે તે ઈજારદારે જે તે સક્ષમ સત્તાધીશ પાસેથી મેળવી લેવાનો રહેશે.

૧૪. બિલ્ડીંગ ડિમોલેશન ટેન્ડર ફોર્મમાં સામેલ શરતો અને બોલીઓ બાબતે કોઈપણ જાતનો વાદ-વિવાદ ઊભો થાય ત્યારે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે જે ટેન્ડર ભરનાર તમામને બંધનકર્તા રહેશે.

૧૫. જુની અને જર્જરીત બિલ્ડીંગ તોડવાની અને તેને તોડવાથી નીકળતો તામામ માલ સામાન કોન્ટ્રાક્ટરે પોતે લઈ જઈને સાઈટ ક્લીયર કરી ડિમોલેશન વાળી જગ્યાને સમતલ કરી આપવાની રહેશે.

૧૬. કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ જાતની નાણાકીય બાબતે યુનિવર્સિટી જવાબદારી રાખશે નહીં.

૧૭. ઈજારદારે પોતાના આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડની ઝેરોક્ષ નકલ ફરજીયાત આપવાની રહેશે.

૧૮. બિલ્ડીંગ ડિમોલેશન કામગીરી માટે અત્રેની કચેરી દ્વારા કોઈપણ જાતનું ચૂકવાણું કરવામાં આવશે નહીં તે બાબત ધ્યાને લઈને ભાવપત્રક ભરવાના રહેશે. તેમજ આપને બિલ્ડીંગ તોડીને તેનો તામામ માલસામાન/ભંગાર લઈ જવા સાથેના પોતાના ભાવો ભરીને તે મુજબની રકમ અત્રેની યુનિવર્સિટીને આપવાની રહેશે.

## બાંહેધરી પત્રક

આથી હું નીચે સહી કરનાર બાંહેધરી લખી આપું છુ કે, ટેન્ડરમાં દર્શાવેલ બિલ્ડીંગ/મકાન તોડવા માટેની તમામ શરતો તથા બોલીઓ (ક્ર. ૧ થી ૧૮) અમોએ વાંચેલી છે અને તમામ શરતો-બોલીઓનું પાલન કરવા અમો બંધાયેલ છીએ. તેમજ, અમોને કોઈપણ સરકારી/અર્ધસરકારી કે અન્ય સંસ્થામાંથી બ્લેક લીસ્ટ થયેલ નથી જેની અમો ખાત્રી આપીએ છીએ.

ભાવ ભરનાર પાર્ટીની સહી :

ભાવ ભરનાર પાર્ટીનું નામ :

સરનામું :

મોબાઈલ નંબર :

તારીખ :

સ્થળ :